
અંક ૩ જુલાઈ ૨૦૧૮

# અક્રમ ઝલક

The DBF Insider




- ત્રિમંદીર - દાદા દર્શન અપડેટ્સ
- અક્રમ સમાચાર
- WMHT અપડેટ્સ
- GNC સમાચાર
- JJ 111 લેટેસ્ટ અપડેટ્સ
- ફોટો સમાચાર
- સ્પોટલાઈટ
- એજ્યુકેશન સમાચાર

# ત્રિમંદીર - દાદા દર્શન અપડેટ્સ





સ્વામી પધાર્યા



મુંબઈમાં બિરાજ્યા પ્રભુ ....



જામનગર ત્રિમંદિર

વાપીમાં દાદા દર્શન



**વાપી સેન્ટર :** વાપીમાં તા.૨૨ મે ના પૂજ્યશ્રીના વરદ હસ્તે 'દાદા દર્શન' સેન્ટરનું અનાવરણ થયું. 'શગુન સ્ટેપ ઇન પ્લાઝા' માં શરુ થયેલ આ સેન્ટરમાં આશરે ૩૦૦ મહાત્માઓ બેસી શકે તેવી વ્યવસ્થા છે.

**આણંદમાં દાદા દર્શન :** આનંદો !! આણંદમાં દાદાદર્શન માટે જમીન ફાઈનલ થઇ ચુકી છે. હવે ટૂંક સમયમાં દાદાદર્શનનું નિર્માણ કાર્ય શરુ થશે. જગ્યાના અભાવે આણંદ સેન્ટરમાં પરિણીત ભાઈઓ - બહેનોના સત્સંગ અને બાળકોની એક્ટીવીટી નાના પાયા પર કરવી પડતી હતી. હવે આ તમામ સમસ્યાઓનો અંત આવશે.

# અક્રમ સમાચાર

## જ્ઞાનવિધિ



**એપ્રિલથી જુન ૨૦૧૮** દરમ્યાન ૫૭૬૬ મુમુક્ષુઓ જ્ઞાન પામ્યાં. આ સમયગાળામાં **UK** માં લેસ્ટર, બર્મિંગહામ અને હેરો, જર્મનીમાં વિલિંગન અને ભારતમાં સુરત, વાપી, પટના, વારાણસી અને દિલ્હી એમ કુલ મળીને **નવ** સ્થળોએ જ્ઞાનવિધિ થઇ.

## ઈ-રિક્ષા




ગુજરાત સરકાર દ્વારા અમદાવાદ-પાલનપુર હાઇવે પહોળો કરવાનું કામ શરુ થયું જેથી  અડાલજ ત્રિમંદિરની  કાર પાર્કિંગની જગ્યા કપાઈ જતાં વાહનો માટે પાર્કિંગની સમસ્યા સર્જાઈ. અડાલજ ત્રિમંદિરનું કાર પાર્કિંગ રસ્તા પરથી ઉણોદરી પાસે આવેલ ગ્રાઉન્ડમાં ખસેડાતાં સીનીયર મહાત્માઓ તથા દર્શનાર્થીઓને તકલીફ ન પહોંચે એ માટે **ત્રણ ઈ-રિક્ષાની** સુવિધા શરુ કરવામાં આવી છે. બેટરીથી ચાલતી આ ઇલેક્ટ્રિક રિક્ષા પાર્કિંગ ગ્રાઉન્ડથી મંદિર સુધી વિનામૂલ્યે દોડાવવામાં આવે છે.


## જોય લેક



અંબા ટાઉનશીપમાં સેક્ટર-5 પાસે, શનિ મંદિર તરફ જતાં રોડ પર **'જોય લેક'** નું નિર્માણ થયું છે. વરસાદના પાણીનો સંગ્રહ કરવાના આશયથી આ લેકનું નિર્માણ કરવામાં આવ્યું હતું. સાથેસાથે મહાત્માઓ માટે **વોકિંગ ટ્રેક, બાળકો માટે ગાર્ડન તથા પ્લે એરિયા** અને પરિવાર સાથે બેસીને આનંદ માણી શકાય એવી ડીઝાઇન બનવાથી આ મલ્ટીપરપઝ સ્પોટ અંબા ટાઉનશીપમાં આકર્ષણ બન્યું છે. આગળ જતાં અહીં **'મીની ફૂડ આઉટલેટ'** પણ શરૂ કરવાની ભાવના છે.

# "સેવાર્થી શિબિર"





તા.૧ થી ૩ જૂન દરમ્યાન અડાલજમાં પહેલી વખત સેવાર્થી શિબિર થઇ. સેન્ટર પર નિયમિત સેવા આપનાર અને મોટા કાર્યક્રમોમાં સેવા આપનાર મહાત્માઓને પુષ્ટિ આપવા આ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. 'પૂર્ણાહુતિ માટે સેવાની મહત્વતા', 'સેવામાં પ્યોરિટી', 'સેવામાં વિનય અને સેવામાં સત્તા' તથા 'સેવામાં ઊભા થતા કચરા' જેવા ટોપિક્સ પર સુક્ષ્મ છણાવટ સાથે પ્રશ્નોત્તરી સત્સંગ થયો. નવા સેવાર્થીઓને લક્ષ્મી, માન અને વિષય સામે પ્યોરિટી પર ખુબ સુંદર સમજણ પ્રાપ્ત થઇ. 'કસ્ટમર ડીલાઇટ' ટોપિક પર કમલભાઇ ડાબાવાલાનો વર્કશોપ પણ રાખવામાં આવ્યો હતો. તા. ૪ જૂનના તમામ સેન્ટર્સના મુખ્ય કોર્ડીનેટર્સ તથા વિવિધ ડીપાર્ટમેન્ટમાં સેવા આપનાર મુખ્ય કોર્ડીનેટર્સ માટે નાના ગ્રુપમાં સત્સંગ તથા દર્શનનો કાર્યક્રમ પણ થયો.

# સાધક-સંકુલ પેરન્ટસ સાથે પૂજ્યશ્રીનું સ્નેહ-મિલન

જૂન ૨૦૧૮માં ૨૦ થી ૨૩ તારીખ દરમ્યાન સેફ્રોની રિસોર્ટમાં સાધક-સંકુલ પેરન્ટસ સાથે પૂજ્યશ્રીનું સ્નેહ-મિલન યોજાયું, જેમાં ૨ દિવસ ભાઇઓ અને બીજા ૨ દિવસ બહેનો તેમના માતા-પિતા સાથે જોડાયા હતા. જે આપ્તપુત્ર કે આપ્તપુત્રીના માતા-પિતા હયાત ના હોય તેમના ભાઇ-ભાભી જોડાયા હતા. દાદાશ્રીને સમર્પિત ભાઇઓ-બેનોના માતા-પિતાનો પરિચય કેળવાય તે હેતુથી દરેક કુટુંબ સાથે દરબારનું આયોજન થયું હતું, જેમાં પેરન્ટ્સને પૂજ્યશ્રીનો ઇન્ફોર્મલ પર્સનલ ટચ મળ્યો હતો જે એક હૃદયસ્પર્શી અમૂલ્ય અવસર હતો... જાણે જ્ઞાનીના ફેમીલીના એક સદસ્ય હોય એવો દરેકને અનુભવ થયો.

આ ઉપરાંત આપ્તપુત્ર અને આપ્તપુત્રી સાથે અનુભવ શેરીંગ સેશન, લાઇવ ડ્રામા ઇવેન્ટ, ફૂડ મેલા, ગેમ્સ, અંતાક્ષરી, લીંચ કેમ્પસની મુલાકાત, ફોટો સેશન વગેરેનું પણ ઉત્તમ આયોજન થયું હતું. આ દિવસોમાં બધા દીકરા-દીકરીઓએ માતા-પિતાની તેમના સ્વાગતથી લઇને છેલ્લા દિવસ સુધી ખડે પગે દિલથી સેવા કરી. ખૂબ જ આનંદ અને ઉલ્લાસથી પસાર કરેલા આ બે દિવસો સાધકોના પરિવારજનોને જીવનભર યાદ રહેશે.










# અંબા હેલ્થ સેન્ટર

'અંબા હેલ્થ સેન્ટર' હોલીસ્ટીક એપ્રોચથી આગળ વધી રહ્યુ છે કે જ્યાં એલોપથીની સાથે આયુર્વેદિક અને હોમિયોપથીની સારવાર પણ પૂરી પાડવામાં આવે છે. 'માનવ મંદિરની સેવા' જેનો આશય છે તે 'અંબા હેલ્થ સેન્ટર' મહાત્માઓને વધુ સગવડો આપવા માટે તૈયાર થઇ રહ્યું છે. 'અંબા હેલ્થ સેન્ટર' ના બીજા માળનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. ૮૫૦૦ ફૂટથી ૧૪૦૦૦ ફૂટના વિસ્તારમાં પ્રસારીને અહીં ૨ બેડ ઈમરજન્સી રૂમ, ૪ બેડ **ICU**, ૧૫ બેડ વોર્ડ તથા ૨ ઓપરેશન થીએટર બનાવવામાં આવશે. જનરલ સર્જરી (ઓપન તથા લેપ્રોસ્કોપીક), સ્ત્રી રોગ સંબંધી, હાડકાની (ઘૂંટણ બદલવાની પણ), નાક, કાન, ગળાની તથા મોતિયાની સર્જરી પણ અહીં થશે. કેન્સર, હૃદય રોગ અને ડાયાબીટીસ વગેરેના હેલ્થ ચેકઅપની સગવડો વધારવામાં આવશે. ભવિષ્યમાં સાયકોલોજીસ્ટ દ્વારા કાઉન્સેલિંગ, ડાયેટીશિઅન દ્વારા આહાર માર્ગદર્શન તથા વ્યસન મુક્તિ જેવી ડે-કેર સુવિધા પણ શરુ કરવામાં આવશે. તે ઉપરાંત અહીં ફિઝીયોથેરાપીનું બિલ્ડીંગ અલગથી બની રહ્યું છે જેમાં વધારે સારી સુવિધાઓ આપી શકાશે.

'અંબા હેલ્થ સેન્ટર' માં ૨૦ મહાત્મા ડોક્ટર અને અન્ય ૬૦ લોકો સેવા આપે છે. નવી સુવિધાઓ થકી હવે પછી અહીં એવી સેવાઓ પણ ઉપલબ્ધ કરાશે કે જેના માટે હાલમાં મહાત્માઓ તથા દર્દીઓને બીજી હોસ્પીટલમાં મોકલવા પડે છે. 'અંબા હેલ્થ સેન્ટર' આજે સાચી સલાહ અને ચોખ્ખા વ્યવહાર માટે નામાંકિત છે અને બહારથી પણ ઘણાં દર્દીઓ અહીંના ડોક્ટરનો અભિપ્રાય (સેકેંડ ઓપિનિયન ) લેવા માટે આવતા હોય છે.

# 'અંબા સ્યુટસ' (Amba Suites)

'સ્ટોપ એન્ડ સ્ટે' ની ડિમાંડ દિનપ્રતિદિન વધી રહી છે. અડાલજમાં જેમના ઘર નથી તેવા મહાત્માઓ 'સ્ટોપ એન્ડ સ્ટે' માટે અવારનવાર પૂછપરછ કરતાં હોય છે. મહાત્માઓને આરામદાયક ઉતારો તથા આધુનિક સગવડો આપવા માટે 'સ્ટોપ એન્ડ સ્ટે' જેવી આધુનિક સગવડ અંબા બીઝનેસ પાર્કમાં 'અંબા સ્યુટસ' બેનર હેઠળ ઉભી કરવામાં આવશે.

'અંબા સ્યુટસ' માં ૩૬ ડીલક્સ તથા સ્યુટ રૂમ હશે. દરેક રૂમમાં ૪ વ્યક્તિઓ રહી શકે એવું પ્લાનિંગ કરવામાં આવશે. દરેક ડીલક્સ રૂમમાં ટી.વી., એ.સી., ઈલેક્ટ્રીક કેટલ અને ફ્રી વાઈ-ફાઈ જેવી સુવિધા આપવામાં આવશે. સ્યુટ રૂમમાં પેન્ટ્રી એરિયા, મીની રેફ્રીજરેટર, માઇક્રોવેવ ઓવન તથા ઇસ્ત્રી પણ આપવામાં આવશે.

મહાત્માઓ માટે 'અંબા સ્યુટસ' ની મેમ્બરશીપ ૨૮ જુલાઈના અડાલજ ખાતે રાખવામાં આવી છે. ૫ વર્ષની ''ઇન્ટરેસ્ટ ફ્રી'' રીફંડેબલ મેમ્બરશીપ લઇ મહાત્માઓ મેમ્બર બની શકશે, જેમાં તેમને રૂમ બુકિંગની પ્રાથમિકતા તથા ટેરીફમાં ૫૦% ડિસ્કાઉન્ટ મળશે. આ મેમ્બરશીપની વધુ માહિતી એ-કનેક્ટ તથા તમામ સેન્ટર પર ઉપલબ્ધ કરવામાં આવી છે.





| | | | |
|---|---|---|---|
| હાઉસકીપિંગ | ફ્રી Wi-Fi | લીફ્ટ | વ્હીલચેર અનુકુળ |
| ફ્રી પાર્કિંગ | સાઈઝ 485 ft² | ક્ષમતા X 4 વ્યક્તિ | લોકર સાથે વોર્ડરોબ |
| ઈલેક્ટ્રીક કેટલ | એર કંડિશનર | માત્ર પરિવાર માટે | માત્ર શાકાહારી |
| પાલતું પ્રાણીને નામંજૂરી | દારૂ નિષેધ | ધુમ્રપાન નિષેધ | સુંદર ગાર્ડન |
| ક્રેડિટ કાર્ડ્સ સ્વીકારાશે | | | |

| | | | |
|---|---|---|---|
| ડ્રાય પેન્ટ્રી એરિયા | મીની રેફ્રીજરેટર | માઈક્રોવેવ ઓવન | ઈસ્ત્રી |

# WMHT
## અપડેટ્સ



**ગામેગામ સત્સંગ:** આ વર્ષે, આપ્તપુત્રી અને આપ્તકુમારી બહેનો ભારતભરના લગભગ ૯૦ થી વધુ ગુજરાતી અને હિન્દી **WMHT** સેન્ટરોમાં મુલાકાત લઈ રહ્યા છે, જેમાં લગભગ ૬૦૦૦ જેટલા **WMHT** બહેનોને તેમના પર્સનલ ટચ સાથે ડી.વી.ડી., ગ્રુપ ડિસ્કશન, અનુભવ સેશન વગેરે એક્ટીવીટીનો પણ લાભ મળશે.

**વિડીયો સત્સંગ:** **NRI WMHT** બહેનો માટે, વર્ષમાં એક વખત, ઝોન પ્રમાણે યોજાતા લાઇવ વિડીયો સત્સંગ થકી કુલ ૫૨ સેન્ટર્સના લગભગ ૧૨૦૦ જેટલા પરિણીત **NRI** બહેનોએ પ્રકૃતિ સામે પુરુષાર્થની સુંદર ચાવીઓ મેળવી હતી.

**યુ.કે. વાર્ષિક રિટ્રીટ:** યુ.કે. માં વસતા **WMHT** બહેનોની બે દિવસની વાર્ષિક રિટ્રીટનું આયોજન થયું હતું જેમાં ૨૦૦ **WMHT** બહેનોએ લાભ લીધો હતો. જુદા જુદા સેન્ટરોના બહેનોએ એક-એક કલમ ઉપર પરફોર્મ કરીને નવ કલમો ઉપર નાટક પણ કર્યું હતું.

**સીટી અપડેટ્સ:** સીમંધર સીટીમાં ‘‘ચાલો સમય શોધવા જઈએ’’ ટોપિક ઉપર ગેટ ટુગેધર થયું હતું, જેમાં **WMHT** બહેનોએ જ્ઞાન સાથે ગમ્મત દ્વારા જીવનમાં નિયમિત પુરુષાર્થનું મહત્વ સમજીને પોતાની દૈનિક દિનચર્યાની ઘડિયાળ બનાવી હતી.

સેવાર્થી શિબિર દરમ્યાન ગામેગામના **WMHT** કોર્ડીનેટર બહેનો સાથે **CARE** ટીમની મીટીંગનું આયોજન થયું જેમાં સેન્ટર કોર્ડીનેટર્સને મૂંઝવતા અનેક પ્રશ્નોના સમાધાન મળ્યા. મહાત્મા બેનોને સત્સંગમાં કેવી રીતે જોડાયેલા રાખી શકાય તે માટેની ચાવીઓ આપ્તપુત્રી બેનો પાસેથી મળી હતી.

**નવા પ્રયોગો :** સિમંધર સીટીમાં વસતા **WMHT** બહેનો માટે દર મહિને ૨ કલાકની સામાયિક શરુ કરી છે. આ ઉપરાંત ‘‘ટાર્ગેટ નેગેટીવીટી’’ નો એક મહિનાનો પ્રયોગ શરુ કરાયો જેમાં દર અઠવાડિયે સત્સંગમાં બુસ્ટર કલીપ અને તેના આધારે સામાયિક દ્વારા બહેનોને જીવનમાં ક્યાં, કેવી રીતે, કયા કારણે નેગેટીવીટી ઊભી થાય છે તે ઓળખવાનો, અને તેની સામે પ્રેક્ટીકલ હોમવર્ક દ્વારા જ્ઞાનની સમજણ એપ્લાય કરવાના પુરુષાર્થનો સ્કોપ મળ્યો હતો.

## Pujyashree’s Surprise Visit

## બ્રહ્મચારી બહેનોનો ભેખ





સીમંધરસીટી અને ગામેગામના બહેનોએ પૂજ્યશ્રીના જન્મદિનને ઉજવવા એમને ગીફ્ટ આપવાનું વિચાર્યું, જેમાં પૂજ્યશ્રી શેનાથી રાજી થાય તે વિચારી, એક અઠવાડિયા સુધી રોજ એક કલાક સામાયિક કરી પ્યોર થવાની તૈયારી બતાવી. આ માટે રોજ શીલ સાધકના ગ્રુપમાં ટોપિકને અનુરૂપ વધુ છણાવટ કરતા સામાયિકના પોઈન્ટ્સ અને સ્પેશિયલ વિડીઓ પણ મેળવતા. સાથે એક ધ્યેય અને સંગઠન દર્શાવવા શીલ સાધક બહેનોના ગ્રુપમાં શેર થતો ફોટો દરેક પોતાના વોટ્સએપના પ્રોફાઈલ અને સ્ટેટસમાં રાખતા.

છેલ્લી સામાયિકમાં પૂજ્યશ્રીએ બહેનોને સરપ્રાઈઝ વિઝીટ આપી. બહેનોના અનુભવો સાંભળી ખુબ રાજી થયા અને નવો ધ્યેય આપીને ગયા કે હવે નીરુમાનો પચાસમો જ્ઞાન દિવસ આવે છે તો એમને ૫૦ સામાયિક કરી ગીફ્ટ આપશોને? આમ બહેનોએ ‘મિશન જ્ઞાનીના રાજીપો’ સાથે ૫૦ સામાયિક તારીખ ૧૯ મે થી ૭ જુલાઈ સુધી કરી.

# GNC સમાચાર



યુથ બોયઝ દ્વારા
## "સીમંધર સ્વામી"
વિષયક પ્રદર્શન

## GNC ભાઈઓ સેવાર્થી પીકનીક:

હિંમતનગરમાં આવેલ ઋષીવન, ઇડર તેમજ તારંગા ખાતે આપ્તપુત્ર અલ્પેશભાઇ સાથે વાર્ષિક પીકનીક





## YuVA સીનીયર & જુનીયર બોયઝ કેમ્પ
[૧૩ થી ૨૧ વર્ષ]

- જ્ઞાનીનું મહત્વ, પેરેન્ટ્સ અને ગુરુનું જીવનમાં મહત્વ

- પહેલી વખત કોઇ પણ પ્રકારના ઇલેક્ટ્રિક ગેજેટ્સ અને મોબાઇલ વગર પાંચ દિવસીય કેમ્પ




## YuVA ગર્લ્સ & Y+ ગર્લ્સ

- ગોલ અને પેશન, પોતાને ઓળખો, ડરનો સામનો કરીએ, વિનય

- ૨૧ થી ૨૮ વર્ષની NON MBA અપરિણીત ગર્લ્સ માટે અડાલજમાં પહેલી વખત ૨ દિવસીય શિબિર



## બાળકો સાથે પૂજ્યશ્રી

Germany Tour
વિલિંગન - "સીમંધર સ્વામી"





U.K Tour

લેસ્ટર - "એકતા" થીમ

હેરો - "સેવા" થીમ

## સમર કેમ્પસ ૨૦૧૮

| | બેબી (૪ થી ૭ વર્ષ) | લીટલ (૮ થી ૧૨ વર્ષ) | યુથ ગર્લ્સ (૧૩ થી ૧૬ વર્ષ) | યુથ બોયઝ (૧૩ થી ૧૬ વર્ષ) |
|---|---|---|---|---|
| સેન્ટર્સ : | ૯ | ૨૧ | ૧૮ | ૧૭ |
| સંખ્યા : | ૭૮૨ | ૩૬૭૮ | ૧૦૧૪ | ૮૪૦ |

# JJ 111 લેટેસ્ટ અપડેટ્સ

## સેવા યજ્ઞમાં જોડાવા મહાત્માઓનો અનેરો ઉત્સાહ !

પરમ પૂજ્ય દાદા ભગવાનની ૧૧૧મી જન્મજયંતી નિમિત્તે, દેશ-વિદેશના સર્વે મહાત્માઓનો સેવાના કાર્યોમાં જોડાવાનો ખુબ સુંદર પ્રતિસાદ જોવા મળ્યો છે. ઓનલાઈન સેવાર્થી રજીસ્ટ્રેશન થકી **અત્યાર સુધી કુલ ૧૨,૨૧૨ સેવાર્થી ફોર્મ** રજીસ્ટર થયેલ છે.

## ઇવેન્ટ માટેની વેબસાઈટ તથા ફેસબુક પેજ લોન્ચ

'જોવા જેવી દુનિયા' ની સ્વતંત્ર વેબસાઈટ લોન્ચ કરવામાં આવી છે જેમાં ઇવેન્ટ અંગેની બધી જ માહિતી મળશે. તદુપરાંત 'જોવા જેવી દુનિયા' નું ફેસબુક પેજ પણ લોન્ચ થઇ ગયું છે જેમાં રેગ્યુલર અપડેટ્સ, ચેલેન્જીસ, પ્રોમો તથા મનોમંથન કરવા યોગ્ય વાર્તા અને વિચારો મુકવામાં આવશે જે મહાત્માઓ લાઇક કરી પોતાના મિત્રો તથા સબંધીઓ સાથે શેર કરી શકશે. આ બંને પેજ ક્લિક કરવાનું ચૂકશો નહીં અને તેની નિયમિત મુલાકાત અચૂક લેશો.




**http://jjd.dadabhagwan.org**
**https://www.facebook.com/JovaJeviDuniya**

## JJ ગ્રાઉન્ડ :

આપણી અત્યાર સુધીની સૌથી મોટી ઇવેન્ટ **JJ 111**, એટલે કે 'જોવા જેવી દુનિયા' થશે જે **આશરે ૨૮ લાખ સ્ક્વેરફીટમાં ફેલાયેલી હશે.** વાહન પાર્ક કરવા લગભગ **૨૦ લાખ સ્ક્વેરફીટનું ગ્રાઉન્ડ** ફાઈનલ કરવામાં આવ્યું છે. ઇવેન્ટ ગ્રાઉન્ડનું સફાઇ કામ પુરું થઇ ગયું છે.







## દેશ-વિદેશના મહાત્માઓનું ઇન્વોલ્વમેન્ટ :

દેશ-વિદેશના મહાત્માઓ **JJ 111** ની પૂર્વ તૈયારીમાં કાર્યરત છે.

દેશ-વિદેશના મહાત્માઓ **JJ 111** ની પૂર્વ તૈયારીમાં કાર્યરત છે. ઇન્ટરનેશનલ પરેડ, ઇન્ટરનેશનલ ડોમ અને 'ક્રાફ્ટ એન્ડ કનેક્ટ' ની તૈયારીઓમાં લાગેલા મહાત્માઓની એક ઝલક

# #iSpreadHappiness - એક પહેલ

એક પહેલની શરૂઆત થાય છે **પૂજ્ય નીરુમાના જ્ઞાન દિવસથી...** એટલે કે ૮ જુલાઇ ૨૦૧૮ થી. દર અઠવાડિયે ઇવેન્ટ સાઇટ તથા ફેસબુક પેજ થકી એક એક્ટીવીટીના માધ્યમથી **એક પોઝિટીવ કાર્ય કરવાની હાકલ** કરવામાં આવશે. તેનો મુખ્ય હેતુ એ છે કે સહુ કોઇ આ એક્ટીવીટીમાં જોડાય અને પોતાની આસપાસના લોકોને કેમ કરીને સુખ પ્રાપ્ત થાય, તે માટે પોતાનું કંઇક યોગદાન આપવા પ્રેરાય. વિશ્વભરમાં આવી નાની પહેલથી ખુબ મોટા અને અસરકારક પરિણામો આવી શકે એમ છે. **આ અવસર થકી આપણે કોઇકના ચહેરા પર સ્મિત લાવવાના નિમિત્ત** પણ બની શકીએ. તો આ એક્ટીવીટીમાં જોડાવાનું ચૂકશો નહી. આ એક્ટીવીટીની વધુ માહિતી માટે વિઝીટ કરો...




**https://www.facebook.com/JovaJeviDuniya/**

# જી-કનેક્ટ





સેન્ટર પર રેગુલર ન હોય તેવા સૌ મહાત્માઓને દાદા ભગવાન પરિવાર સાથે ફરીથી કનેક્ટ કરવા માટે ખૂબજ આત્મીયતા સભરનો પ્રયાસ જી-કનેક્ટ પ્રોજેક્ટ થકી મહાત્માઓ કરી રહ્યાં છે. હાલમાં ગુજરાત અને મુંબઈના તમામ સેન્ટર્સ પર આ કાર્ય પુરજોશમાં ચાલી રહ્યું છે. જુલાઈથી આ કાર્ય ભારતના તમામ સેન્ટર્સ પર શરૂ થશે. પૂજ્યશ્રીએ પોતે જ **JJ 111** ની આમંત્રણ પત્રિકા મહાત્માઓ થકી મોકલી છે એ જાણી આમંત્રિત મહાત્માઓ અત્યંત ભાવવિભોર થઇ જાય છે. ઘણાં આમંત્રિત મહાત્માઓએ સેન્ટર પર રેગ્યુલર થવાના સંકલ્પ કર્યા છે તો ઘણાં મહાત્માઓ સત્સંગમાં આવવા લાગ્યાં છે. ગુરૂપૂર્ણિમા તથા **JJ 111** માં આવવા માટે ઘણાં આમંત્રિત મહાત્માઓએ પૂર્ણ તૈયારી દેખાડી છે. જ્યાં આ કાર્ય શરુ થઇ ગયું છે ત્યાં સેન્ટર પર મહાત્માઓની સંખ્યામાં વધારો થઇ રહ્યો છે. જી-કનેક્ટના માધ્યમથી ઘણાં અનિયમિત મહાત્માઓ પહેલી વાર સેવામાં જોડાયા છે અને સેવા થકી તેઓ સત્સંગમાં પણ નિયમિત થયાં છે.

# ફોટો સમાચાર

મહાત્માઓ સંગે
## અંબાજી જાત્રા તથા સત્સંગ






## PMHT શિબિર



## વારાણસીના મહાત્માઓ સંગે ગંગા નદીના તટ પર નૌકા વિહાર અને સત્સંગ







## નીરૂમાના થીમ પર પ્રદર્શન - USA જતા પહેલાં પૂજ્યશ્રીની મુલાકાત



## અડાલજમાં યોગ શિબિર



# Spotlight

ચારે બાજુથી ચિંતા, ઉપાધી અને ટેન્શનથી ઘેરાયેલો આજનો આ માનવી આંતરશાંતિ અને શુદ્ધ પ્રેમને માટે વલખાં મારી રહ્યો છે. જીવનમાં આવતી મુંઝવણોને દૂર કરવા માટે સાચી સમજ અને જ્ઞાનની ચાવીઓ મેળવવા ઝંખી રહ્યો છે. ત્યારે,

## દાદા દરબાર.....

આ એક એવું સુંદર, અદ્‌ભૂત આયોજન થયું છે કે પૂજ્ય દીપકભાઈ જ્યારે પણ સીમંધર સીટીમાં હાજર હોય ત્યારે **કોઈપણ વ્યક્તિ, યુવાન, વૃદ્ધ, શ્રીમંત, ગરીબ, જ્ઞાન લીધેલ કે ન લીધેલ સૌ કોઈ** ખૂબજ સહેલાઇથી **પૂજ્યશ્રીને રૂબરૂ** મળી શકે અને એમને મુંઝવતા **આધ્યાત્મિક તેમજ વ્યવહારીક પ્રશ્નોના સમાધાન** મેળવી શકે. પ્રત્યક્ષ જ્ઞાનીનો લાભ આખા જગતને મળે એ હેતુથી આ દાદા દરબારની શરૂઆત થઇ **૧૩ મે ૨૦૧૩માં**. અત્યાર સુધી અડાલજમાં આશરે ૭૫૦ જેટલા દરબાર યોજાયા છે અને **૪૨,૫૦૦ જેટલા લોકોએ પૂજ્યશ્રીને રૂબરૂ** મળીને એમના દર્શન અને આશીર્વાદ પ્રાપ્ત કર્યા છે. હવેથી પૂજ્યશ્રીના સત્સંગ પ્રવાસ દરમ્યાન દેશ-વિદેશના દરેક સેન્ટરમાં પણ દાદા દરબાર રાખવામાં આવે છે જેથી સ્થાનિક મહાત્માઓ અને મુમુક્ષુઓને પણ દાદા દરબારનો લાભ મળે.

દાદા દરબારમાં લોકો ઘણાં કારણોથી આવે છે જેવા કે:

- **મહાત્માઓ જ્ઞાનમાં પ્રગતિ કરવાની ચાવીઓ અને આશીર્વાદ લેવા,**
- **નવપરણિત યુગલો ક્લેશરહિત જીવન માટે સમજ અને આશીર્વાદ લેવા,**
- **વડીલો પોતાની માંદગીમાં જ્ઞાન-જાગૃતિ રહે અને અંતસમયે શુદ્ધાત્મામાં રહેવાય તે માટે આશીર્વાદ લેવા,**
- **વ્યસન મુક્તિ માટે.... વગેરે... વગેરે....**



પૂજ્યશ્રી આજે હજારો લોકોના ફ્રેન્ડ, ફીલોસોફર અને ગાઈડ બની ચૂક્યા છે. વ્યક્તિ જ્યારે દાદા દરબારમાં પ્રવેશ કરે ત્યારે એના ચેહરા પર દુઃખ અને અશાંતિના ભાવો જોવા મળે પરતું એ જ્યારે પૂજ્યશ્રીને મળે, એમની સાથે દિલ ખોલીને વાતો કરી પોતાની મુંઝવણનું સમાધાન મેળવે ત્યારે એના ચહેરા પર શાંતિ અને સંતોષ સાથેનું સ્મિત જ હોય !



તરસ્યો કુવા પાસે જાય, લોકો જ્ઞાની પાસે જાય **પણ જ્ઞાની લોકો પાસે જાય એવું તો આપણી સીમંધર સીટીમાં જ બને !** હા, **પૂજ્યશ્રી જ્યારે અચાનક** જ અલગ અલગ ડીપાર્ટમેન્ટસની મુલાકાત લે **(surprise visit)** ત્યારે એમને જોતાં જ સેવાર્થીઓ, મહાત્માઓ આશ્ચર્યચકિત થઇ જાય અને **ધન્યતા અનુભવી આનંદ વિભોર બની જાય.** જાણે પૂજ્યશ્રી એમના પર અસીમ કૃપા વરસાવી રહ્યા હોય એવી અનુભૂતિ સૌને થાય. **આવા અલૌકિક વાતાવરણથી સેવાર્થીઓમાં સેવા માટે અનેરું જોમ ઉભરાય.**





જ્ઞાની દેહધારી પરમાત્મા કહેવાય. એમના ઓચિંતા જ, અચાનક જ દર્શનની અલૌકિક પળો એ તો જીવનભરનું નજરાણું છે ! અમુલ્ય ભેટ છે ! અવિસ્મરણીય છે !



# એજ્યુકેશન સમાચાર

અડાલજ જશું તો બાળકોના અભ્યાસનું શું ? ગુજરાતમાં ફોરેન કે મુંબઈ જેવી સ્કુલ થોડી મળે ? એજ્યુકેશન સારું ન હોય તો બાળકોની કેરીયર જ બગડી જાય ને ? આવાં અનેક પ્રશ્નો અડાલજમાં સ્થાયી થવા માંગતા દંપતીઓને થતાં હોય છે. અમદાવાદમાં આજે એજ્યુકેશનના ફિલ્ડમાં સારામાં સારી સ્કૂલો ઉપલબ્ધ છે જે મુંબઈ જેવા શહેરોની સમતોલે આવી શકે એમ છે. તે ઉપરાંત અડાલજનું આધ્યાત્મિક વાતાવરણ, **GNC** એક્ટીવીટીઝ તથા પૂજ્યશ્રીના સત્સંગની બાળકો પર પોઝીટીવ અસરો થતી હોય છે જે તેમના સર્વાંગી વિકાસ માટે કારણ બને છે.

## ધોરણ ૧૦ અને ૧૨ માં ઝળકેલા સીમંધર સીટી તથા ATPL ના બાળકો

### ધોરણ ૧૦

| | |
|---|---|
| 1st | શ્રુષ્ટિ ડોડીયા - ૯૨.૩ % |
| 2nd | વૃંદા શાહ - ૮૫.૦ % |
| 3rd | શુભમ વસા - ૮૫.૦ % |
| 4th | સિદ્ધિ મારવાણીયા - ૮૫.૦ % |
| 5th | પ્રણવ ગોંડલિયા - ૮૪.૬ % |

### ધોરણ ૧૨

| | |
|---|---|
| 1st | કેયા સંઘવી - ૯૨.૮ % |
| 2nd | વૈભવી બ્રહ્મભટ્ટ - ૯૧.૪ % |
| 3rd | રવી મકવાણા - ૯૦.૬ % |
| 4th | હેપ્પી શીંગાળા - ૮૭.૨ % |
| 5th | પરમ પટેલ - ૮૨.૦ % |

સેફ્રોની ઇન્સ્ટીટ્યુટના વિદ્યાર્થીઓનું સુંદર પરિણામ !! ગાંધીનગર જીલ્લામાં સેફ્રોની ઇન્સ્ટીટ્યુટ પહેલાં ક્રમાંકે આવી અને ગુજરાતની ૧૦૫ કોલેજમાં ૧૧માં ક્રમાંકે આવી !!












## Stay tuned for Niruma's Grand Gnanday event updates




*Coming up in our next issue...*

**Akram Jhalak**
**Dada Bhagwan Parivar**
**Adalaj Trimandir, Simandhar City;**
**Ahmedabad-Kalol Highway, Gandhinagar,Gujarat 382421**
**Email: akramjhalak@dadabhagwan.org**
**Website:www.dadabhagwan.org**